Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ભારતમાં કૃષિ ધિરાણમાં પ્રાથમિક સહકારી મંડળીઓની ભુમિકા

સંશોધક

અંજના એન. મકવાણા

પીએચ. ડી. સ્કોલર (અર્થશાસ્ત્ર)

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

જુનાગઢ

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.j.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

**સારાંશ :**

ભારત એ કૃષિપ્રધાન દેશ છે. ભારતનો મોટાભાગનો વસ્તીનો જથ્થો કૃષિ ક્ષેત્રે રોકાયેલો છે . કૃષિને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ગણવામાં આવે છે. આજના સમયમાં પણ 50 % ની આસપાસ લોકો ખેતીમાંથી રોજગારી પૂરી પાડે છે. રાષ્ટ્રીય જીડીપીમાં પણ કૃષિ ઘણો મોટો હિસ્સો નોંધાવે છે, પરંતુ આ કૃષિક્ષેત્ર માટે ધિરાણ એ એક મોટી સમસ્યા બની ગઈ છે. ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક સહકારી ખેત ધિરાણ મંડળી એ મહત્વની ભૂમિકા નિભાવી છે હાલ નો અભ્યાસ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને કેન્દ્રિત છે અભ્યાસના એકંદરે તારણ મળે છે કેસોસાયટી માં 2009-10 થી વર્તમાન સુધી વધારો થયેલો છે સહકારી મંડળીના સભ્યો માં પણ સતત વધારો જોવા મળે છે એકંદરે જોઈએ તો પીએસીએસ એ ગામડામાં રહેતા ખેડૂતો માટે જીવાદોરી સમાન છે.

**ચાવીરૂપ શબ્દો :** સહકારી મંડળી, માળખું, વૃદ્ધિ, કામગીરી.

**પ્રસ્તાવના:**

ભારત ખેતી પ્રધાન દેશ છે અને ભારતના ખેડૂતો મોટા ભાગે ગરીબ છે. તેથી શાહુકારોના શોષણમાંથી ખેડૂતોને મુક્ત કરવા સસ્તા દરે, સમયસર અને પૂરતા પ્રમાણમાં ધિરાણ પૂરું પાડવા માટે આઝાદી પછી આપણા દેશમાં સહકારી પ્રવૃતિને સારૂ એવું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પરિણામે સહકારી ખેત ધિરાણ મંડળીઓનો સારો એવો વિકાસ થયો છે.

**"બિંદુઓ ભેગા મળ્યા સિંધુઓના આકારમાં ભવ્યતાનું આ રૂપ જોઇલો સહકારમાં"**

**- શેખાદમ આલુવાલા**

આપણે ત્યાં એક કહેવત છે કે " બહુતંતુ બલવાન એકલા અટુલા તાંતણાને કોઈ તાકાત હોતી નથી, પરંતુ જયારે એ તાંતણો એકમેકમાં વણાય છે ત્યારે મજબુત દોરડું બને છે અને આ દોરડું શક્તિશાળી હાથીને પણ કાબુમાં લાવી દે છે, આ જ બાબત સહકારના પાયામાં વણાયેલી છે. "વિના સહકાર નહિ ઉદ્ધાર કહેવતને આજનો યુગ સાચો ઠરાવી રહ્યો છે જેમાં એક નફો મેળવવા માટે ડીપોઝીટ ધિરાણ કરે છે." આનો અર્થ એ જોવા મળ્યો છે કે મંડળીઓ પોતે સાહસ કરીને પોતાનો ધંધો કરે છે મંડળીઓ શાખાઓ દ્વારા પોતાની પ્રવૃતિઓ કરે છે. મંડળીની પ્રવૃતિઓનો ખ્યાલ આવે છે કે આ પ્રવૃત્તિ સમગ્ર વિશ્વમાં સંચાલન માટે મહત્વની બાબત બન્યું છે સારા સંચાલન માટે ધ્યેય સિદ્ધ કરી શકાય છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ :**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કોઈપણ વિષયના સંદર્ભમાં અભ્યાસ કરવા માટે સંશોધનકર્તા પાસે સ્પષ્ટ હેતુઓ હોવા જરૂરી છે. આ હેતુઓને ધ્યાનમાં રાખીને કોઈપણ સમસ્યા કે વિષયવસ્તુનો અભ્યાસ થઈ શકે છે. સંશોધનમાં હેતુઓ જેટલા સ્પષ્ટ અને ચોક્કસ હોય તેટલા જ સંશોધન એ જુદા – જુદા હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છે.

૧. ભારતની સહકારી મંડળીઓનો કુલ કૃષિધિરાણમાં હિસ્સો જાણવો.

૨. ભારતની સહકારી મંડળીઓનો કુલ સભ્યસંખ્યામાં થયેલા પરિવર્તનોની જાણકારી પ્રાપ્ત કરવી.

૩. સહકારી મંડળીઓના પ્રમાણમાં થયેલા ફેરફારોની માહિતી મેળવવી.

૪. સહકારી ધિરાણ મંડળીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવું.

૫. સહકારી મંડળીઓની નાણાકીય ક્ષમતાનો અભ્યાસ કરવો

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પત્રમા સંશોધક દ્વારા વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. માહિતીની પ્રાપ્યતા માટે દ્વિતિય કક્ષાના એટલે કે ગૌણ પ્રકારના માહિતી સ્ત્રોતનો ઉપયોગ કરવામાં આવેલ છે. ઉપરાંત માહિતીના વિશ્લેષણ માટે વલણમા પદંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## સહકારનો અર્થ :

સામાન્ય અર્થમાં સહકાર એટલે જોઈએ તો " એક બીજા સાથે મળીને કામ કરવું પરંતુ અર્થશાસ્ત્રની પરિભાષામાં સહકારનો અર્થ સ્પષ્ટ કરતા સી. આર. કે. લખે છે કે સહકાર નબળા વ્યક્તિઓ વચ્ચેની નિ:સ્વાર્થ સંયુક્ત રીતે વહેચણી માટેની પ્રક્રિયા લોકોને સહકાર આપવાથી તેમણે પ્રેરણા આપવા એકબીજા સાથે જુસ્સાથી હળીમળીને કામ કરે છે તેને સહકાર કહેવાય છે.

સહકાર એ એક સર્વવ્યાપી ઘટના છે સહકાર એક સ્વૈચ્છિક સંગઠન છે. સહકારી સંગઠનમાં લોકો સમાનતાના ધોરણે જોડાય છે. સહકારનો મુખ્ય હેતુ સભ્યોનો આર્થિક ઉત્કર્ષ સાધવાનો છે. સહકારી સંગઠનમાં જોડાયેલ લોકો પોતાની મૂડીના પ્રમાણમાં નફા નુકસાનમાં હિસ્સો મેળવે છે.

## સહકારની વ્યાખ્યા :

૧. "સહકાર એ સામાન્ય રીતે માર્યાદિત સાધનોવાળી વ્યક્તિઓનું સંગઠન છે કે જેમાં સામાન્ય આર્થિક હિતો

મેળવવા લોકો સ્વેચ્છાએ જોડાય છે અને લોકશાહી રીતે ધંધાનું સંચાલન અને નિયંત્રણ કરી જરૂરી પ્રમાણમાં મૂડી રોકાણ અને તેના પ્રમાણમાં સાહસમાંથી નફો કે નુકસાન મેળવે છે."

- આંતરરાષ્ટ્રીય મજુરસંઘ ( I.L.O.)

૨. "નિર્બળ વ્યક્તિઓ વચ્ચે નિઃસ્વાર્થ વૃધ્ધિથી સંયુક્ત વિનિમય માટેની વ્યવસ્થા એ સહકાર છે."

- સી. આર. કે.

3. "સહકારનું એટલે સ્વેચ્છિક રીતે જોડાયેલ વ્યક્તિઓના પોતાની શક્તિ અને સાધનો કે બંનેનો તેમના સંયુક્ત વ્યવસ્થાતંત્ર હેઠળ સામાન્ય નફા કે નુકસાન માટેનો પુરુષાર્થ. "

- એમ. ટી. હેરિક

## વિશ્વના અલગ અલગ દેશોની સહકારી પ્રવૃતિઓ :

સહકારમા નવજીવનની પ્રેરણા છે તેમ જીવનની સિદ્ધિઓ અને સફળતાનું કારણ પણ છે સમૃદ્ધ અને શાંતિમય જીવનની આશા અભિલાષા માનવીમાં હમેશા રહેલી છે. માનવી પોતાનું જીવન બનાવવા સમૃદ્ધ અને શાંતિમય બનાવવા સતત પ્રયત્નશીલ રહ્યો છે.

માનવીમાં રહેલી સહકારને સ્વાભાવિક વૃતિના દાખલાઓ પૂર્વના અને પશ્ચિમના દેશોના સામાજિક જીવનમાં મળી આવે છે ખેતી જુના જમાનામાં આજીવિકાનો મુખ્ય ઉદ્યોગ હતો અને પરસ્પર સહકારથી પારપાડવાનો પ્રથા પ્રાચીનકાળથી ચાલતી આવે છે.

## ૧. ડેન્માર્કની સહકારી મંડળી :

ડેરી ક્ષેત્રની સહકારી પ્રવૃતિમાં ડેન્માર્ક વિશ્વમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. સહકારી સંગઠન અને સંઘશક્તિથી એક નાનકડો ખેતી પ્રધાન દેશ કેવું મહાન અને અદ્ભુત કામ કરી શકે છે તેનું ડેન્માર્ક એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડે છે એક વખતનો ગરીબી, ભૂખમરો અને પછાત અવસ્થાથી પીડાતો ડેન્માર્ક દેશ આજે જે સુખી, સમૃદ્ધ અને અનુકરણવાળો દેશ બન્યો છે તે તેના ડેરી ક્ષેત્રે થયેલા સહકારી પ્રવૃતિના વિકાસ ને જ આભારી છે.

ડેન્માર્કમાં ડેરી સહકારી મંડળીઓ એ જે અસાધારણ સફળતા પ્રાપ્ત કરી છે તે તેના સિદ્ધાંતોને આભારી છે ડેન્માર્કમાં સૌપ્રથમ સહકારી ડેરી જટલેન્ડ નામના શહેરમાં સ્થાપવામાં આવી હતી. આ સહકારી ડેરી મંડળીના સ્થાપકોએ જે સિદ્ધાંતો સ્થાપ્યા હતા તે આજે પણ એટલા જ ઉપયોગી છે જેટલા સ્થાપના સમયે હતા

એટલુ જ નહિ આ સિદ્ધાંતોને અન્ય પ્રકારની સહકારી મંડળીઓએ પણ અપનાવેલ છે. સહકારી ડેરીના આ ઘડવૈયાઓ કેટલી દીર્ઘદ્રષ્ટિવાળા અને વ્યવહારુ હતા.

## ૨. સ્વિડનની સહકારી પ્રવૃત્તિ :

સ્વિડનમાં સહકારી પ્રવૃતિનો વિકાસએ ત્યાની વિશિષ્ટ પરિસ્થિતિનું પરિણામ છે. વાસ્તવમાં સહકારી પ્રવૃતિનો પ્રારંભ ખેતી ક્ષેત્રની જરૂરિયાતો સંતોષવા માટે થયો હતો, પરંતુ સમય જતા પશુપાલન ઉદ્યોગમાં આ ખ્યાલે પ્રવેશ કર્યો અને તેમાંથી સહકારી પ્રવૃત્તિ ડેરી ઉદ્યોગનું એક અવિભાજ્ય અંગ બની ગઈ આ મડેન્માર્ક જેમ સહકારી ડેરી ઉદ્યોગનું લેબલ મારવામાં આવે છે તે જ રીતે સ્વીડનને પણ સહકારી ડેરી ઉદ્યોગનું લેબલ મારવામાં આવે છે.

સ્વિડનમાં શોષણખોરોની પકડમાંથી છુટકારો મેળવવા માટે ૧૮૫૦માં એક નાનકડા ગામડામાં હોશિયાર અને સદ્ભાવનાવાળા કેટલાક ખેડૂતોએ સૌપ્રથમ એક સહકારી મંડળીની સ્થાપના કરી. આ મંડળીનો ઉદેશ ખેતીવાડીની જરૂરિયાતો તેમજ કેટલીક જીવનજરૂરિયાતની વસ્તુઓ જથ્થા બંધધોરણે ખરીદી કરીને તેના સભાસદોને વાજબી ભાવે પૂરી પાડવાનો હતો. તેને આ માંસારી એવી સફળતા મળી. તેની સફળતાથી પ્રભાવિત બનીને સ્વિડનના ગરીબ લોકો પોતાની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા અંશોષણખોરોની પકડમાંથી છુટવા સહકારી પ્રવૃત્તિ તરફ આકર્ષાયા અને ક્રમશઃ આ સહકારી પ્રવૃત્તિ સ્વિડનના સમગ્ર અર્થતંત્રની રગેરગમાં પ્રસરી ગઈ.

## ૩. ઇઝરાયલની સહકારી પ્રવૃત્તિ :

દુનિયાના સૌથી નાના ઈઝરાયલનો સમાવેશ થાય છે અને ત્યાં યહુદીઓને વસવાટ મોટી સંખ્યામાં છે ઇઝરાયલની જમીન, આબોહવા, વરસાદ, વગેરેમાં વૈવિધ્ય રહેલું છે. ઇઝરાયલની મોટાભાગની જમીન સરકારી માલિકીની છે. તેમજ જાહેર સંસ્થાઓની માલિકીની પણ છે. ઈઝરાયલમાં યહુદીઓનું આગમન થતા સહકારી પ્રવૃતિને મહત્વ મળ્યું છે. તેમની આર્થિક સામાજિક પરિસ્થિતિ તેમજ ભાષા વગેરેને કારણે સહકારી પ્રવૃત્તિ તેમના વિકાસમાં મહત્વનું માધ્યમ ગણાય છે. ખાસ કરીને ઇઝરાયલના વિકાસમાં કિબુત્ઝ અને મોશાવ સહકારી વસાહતો એ મહત્વનું પ્રદાન કર્યું છે.

### (અ) કિબુત્ઝ :

કિબુત્ઝ એટલે એક આદર્શ સહકારી ગામ જે અગાઉ દગાનીયાનામે ઓળખાતું હતું. કિબુત્ઝમાં બધાકામ કાજોસા મુહિકરી તે કરવામાં આવે છે. ઉત્પાદનના સાધનોની માલિક કિબુત્ઝની હોય છે કિબુત્ઝના

બધા લોકો સાથે રહે છે. એક રસોડે જમવાનું કપડા-વાસણ ધોવાનું પણ એક જ સ્થળે અને ખેતીનું કામકાજ પણ સાથે મળીને કરવાનું આમ, કિબુત્ઝ એટલે સામુહિક જીવનકામની વહેચણી સેવાનારૂપમાં થાય છે. કેટલીકવાર કિબુત્ઝ ઔદ્યોગિક સાહસો પણ ચલાવે છે. ઈઝરાયલમાં આવા કિબુત્ઝની સંખ્યા ૨૩૦ જેટલી છે અને દરેક કિબુત્ઝની સભ્ય સંખ્યા ૬૦ થી ૨૦૦૦ સુધીની હોય છે.

### (બ) મોશાવ:

સહકારી ધોરણે ખેતીનું બીજું અગત્યનું સ્વરૂપ મોશાવ છે. મોશાવ એટલે કામદારોનો વસવાટ જે સભ્યોને કિબુત્ઝની પદ્ધતિએ સામૂહિક જીવન અનુકૂળ ન બન્યું તે વ્યક્તિગત રીતે તેમના પરિવાર સાથે રહે તેવા કિસ્સામાં તેવા ખેડૂતોને જાતે જમીન ખેડવી, પશુ ઉછેર કરવો અને તેઓ ઉત્સાહપૂર્વક કામ કરી શકે તે આશયથી તેમણે મોશાવ નામની કૃષિસંસ્થાની સ્થાપના કરી, કૃષિઉત્પાદન માટેની જરૂરીતા યજેવી કે ખાતર, બિયારણ, પશુઆહાર, ખેતીનાઓજારો, જીવન જરૂરી ચીજો સહકારી ધોરણે પુરાપાડવામાં આવે છે. આ મંડળો ટ્રેક્ટર જેવા સાધનોની સેવા પણ ભાડેથી આપે છે તેમજ ખેડૂતોએ વ્યક્તિગત રીતે ઉત્પન્ન કરેલ માલનું વર્ગીકરણ અને રૂપાંતર કરીને તેના વેચાણની વ્યવસ્થા પણ કરે છે. મોશાવ આર્થિક પ્રવૃતિઓ ઉપરાંત આરોગ્ય અને શિક્ષણની પ્રવૃત્તિ પણ કરે છે અને તેનું સંચાલન લોકશાહી પદ્ધતિ એ કરે છે.

ઈઝરાયલમાં જુદાજુદા પ્રકારના ૩૫૦ જેટલા મોશાવ છે. અને દરેકની સભ્યસંખ્યા ૧૦૦ થી ૧૦૦૦ સુધીની હોય છે કિબુત્ઝ કરતા મોશાવની સંખ્યા વધુ છે અને વધુ લોકપ્રિય બન્યા છે જેથી ફલિત થાય છે કે સામુહિક જીવનને બદલે લોકો વ્યક્તિગત જીવન વધુ પસંદ કરે છે ઇઝરાયલની સહકારી પ્રવૃતિમાં કૃષિ ઉત્પાદન વેચાણ અને રૂપાંતર મંડળીઓ છે. આ ઉપરાંત બિનકૃષિ ક્ષેત્રે ગૃહનિર્માણ વિમામંડળીઓ ઉપરાંત ગ્રાહક અને ઔદ્યોગિક મંડળીઓ પણ છે ઈઝરાયલમાં તમામ આર્થિક ક્ષેત્રોમાં સહકારી ક્ષેત્ર પ્રવેશ કરીચુક્યું છે. અને ઇઝરાયલ પ્રવૃતિએ નામના મેળવેલ છે.

## સાહિત્ય સર્વેક્ષણ :

### (1) ડી. આર. ગાડગીલ (1970) :

ગાડગીલ અનુસાર કૃષિક્ષેત્રમાં થી ઉદ્યોગને કાચો માલ પૂરો પાડવામાં આવે છે જો આ કૃષિ ક્ષેત્રને વધારે વિસ્તરણ કરવામાં આવે તેનાથી ઔદ્યોગિક કામગીરીમાં વધારો થાય છે કે તેના ઉત્પાદનનો આધુનિકીકરણ કરીને રોજગારી ની જરૂરિયાતો સંતોષી શકાય છે પરંતુ આ માટે ખેડૂતોને આવક એટલે કે ધિરાણ આપવાનું અનિવાર્ય હોય છે નાના તેમજ મોસમી ખેતી કરતા ખેડૂતોની તુલનાએ મોટા ખેડૂતો અને જે બારેમાસ ખેતીમાંથી પોતાની આવક મેળવતા હોય તેઓને ધિરાણ વધારે પ્રમાણમાં જરૂરીયાત ઉભી થાય છે તેઓને સહકારી મંડળી માંથી મળતા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ધિરાણની કૃષિની અન્ય સુવિધા વધારીને ગ્રામીણ ક્ષેત્રે કામ કરતા લોકોના માથા ઉત્પાદન અને આવકમાં વધારો કરી શકાય છે.

**(2) કાંજીયા પ્રફુલ (2006) :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનકર્તાઓએ જૂનાગઢ જિલ્લાના સંદર્ભમાં સહકારી બેંકિંગ ક્ષેત્ર અને વ્યવસ્થાને લગતા તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરેલો હતો તેમને વ્યાજ નો દર, ધિરાણ, મુદત વીતી બાકી  વગેરે જેવા પાસાંઓને ચકાસ્યા છે. આ સંશોધન કરતા એ 14 તાલુકાના કાર્યરત જિલ્લા સહકારી બેંકની શાખા માંથી 40 શાખાઓની પસંદગી કરેલી હતી 40 પૈકી 5 ને  તેઓએ યાદચ્છિક રીતે પસંદ કરીને 200 લાભાર્થીને નમૂના તરીકે પસંદ કરી અભ્યાસ કર્યો હતો..

**(3) પેથાણી તરુણકુમાર (2008) :**

સંશોધન કરતાં આ લેખમાં સૌરાષ્ટ્ર વિસ્તારની જિલ્લા સહકારી બેન્કોની કામગીરી ને અભ્યાસ કરવામાં આવ્યો હતો આ સંશોધનનો મુખ્ય હેતુ એ હતો જિલ્લા મધ્યસ્થ બેન્કો નફા નુકસાન ખાતુ, નોન પર્ફોર્મિંગ એસેટ્સ, કાચું પાકું સરવૈયું વગેરેનો અભ્યાસ કરીને જિલ્લા મધ્યસ્થ બેન્કની નાણાકીય સ્થિતિ ને અસરકારક રીતે સૂચન કરવાનો હતો તેઓએ કુલ સાત જિલ્લાની પસંદગી કરી હતી તેમણે પ્રાથમિક અને ગૌણ માહિતીનો ઉપયોગ કર્યો હતો માહિતીનું પૃથક્કરણ કરવા માટે આંકડાકીય વિશ્લેષણ કરીને F ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો અભ્યાસ કરતા એ જાણવા મળે છે કે બેન્કના તમામ પાસાનો અનુસંધાન કરતાં તેમાં એકરૂપતા જોવા મળતી નથી અભ્યાસમાં આવરાયેલી બેન્કોનીનાણાકીય સ્થિતિ જુદી જુદી હતી.

## માહિતીનુ પૃથકકરણ અને અર્થઘટન:


### કોષ્ટક નં - 1

### PERFORMANCE OF PRIMARY AGRICULTURAL CREDIT SOCIETIES OVER A DECADE IN INDIA

### (AMOUNT IN CRORES)

| COOPERATIVE YEAR | TOTAL DEMAND | TOTAL LOANS ISSUED | TOTAL COLLECTION |
|---|---|---|---|
| 2009-10 | 92557 | 72882 | 54271 |
| 2010-11 | 85757 | 85296 | 64490 |
| 2011-12 | 101782 | 122826 | 76705 |
| 2012-13 | 95926 | 96440 | 70346 |
| 2013-14 | 155853 | 171420 | 126221 |
| 2014-15 | 159626 | 159050 | 123835 |
| 2015-16 | 169783 | 180824 | 139894 |
| 2016-17 | 200464 | 200678 | 147171 |
| 2017-18 | 196750 | 207322 | 148834 |
| 2018-19 | 203903 | 205895 | 151951 |

Source :- National federation of state co-operative banks



Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**અર્થઘટન :**

કોષ્ટક નંબર 1 માં સહકારી ધિરાણ મંડળીની કુલ માંગ,કુલ આપેલી લોન અને કુલ સંચયનો 2009-10 થી 2018 -19 વર્ષ દરમિયાન અભ્યાસ કરવામાં આવ્યો છે આ રકમને કરોડમાં દર્શાવવામાં આવી છે કુલ માંગમાં 2009 -10 થી વધ-ઘટ જોવા મળે છે એક વર્ષમાં વધારે તો બીજા વર્ષે ઓછી, ધિરાણની માંગ નું પ્રમાણ આમ વધારે ઓછું જોવા મળે છે. કુલ આપેલી લોન માં માંગ કરતા 78% ઓછી છે તેમાં પણ માંગ કરતા જે લોન આપવામાં આવે છે તે વધારે જ જોવા મળે છે જ્યારે કુલ સંગ્રહ ના આંકડા ઉપર ધ્યાન દોરવામાં આવે તો જણાય છે કે તે 2009-10 થી 2018-19 સુધી સતત વધારો જોવા મળે છે.

**કોષ્ટક નં – 2**

**TOTAL MEMBERSHIP**

**(IN NUMBERS)**

| COOPERATIVE YEAR | TOTAL MEMBERSHIP | PERCENTAGE (%) | CHANGE IN (-) (+) |
|---|---|---|---|
| **2009-10** | 122226 | 100 (%) | - |
| **2010-11** | 106136 | 86.83 | 13.17 - |
| **2011-12** | 127646 | 104.43 | 4.43 + |
| **2012-13** | 110068 | 90.05 | 9.5 - |
| **2013-14** | 130120 | 106.46 | 6.46 + |
| **2014-15** | 121088 | 99.07 | 0.93 - |
| **2015-16** | 127322 | 104.17 | 4.17 + |
| **2016-17** | 131235 | 107.37 | 7.37 + |
| **2017-18** | 130547 | 106.81 | 6.81 + |
| **2018-19** | 132029 | 108.02 | 8.02 + |

**Source:-**National federation of state co-operative banks

**અર્થઘટન :**

**કોષ્ટક નંબર 2 માં પ્રાથમિક સહકારી મંડળીઓની કુલ સભ્ય સંખ્યા દર્શાવવામાં આવેલ છે . અભ્યાસ માટે 2009 -10 થી 2018- 19 વર્ષો દરમિયાન ના આંકડાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. આંકડાઓ પરથી જોઇ શકાય છે કે વર્ષ 2009- 10 થી 2014- 15 ના સમયગાળામાં સભ્યોની સંખ્યામાં સતત વધઘટ જોવા મળેલ, પરંતુ ત્યારબાદ તેની સભ્ય સંખ્યામાં સતત વધારો જોવા મળેલ છે. આ વર્ષો દરમિયાન 2010- 11 માં સૌથી ઓછી સભ્ય સંખ્યા86.83 % જે વર્ષ-2009- 10 ના કરતા 13.17 % નો ઘટાડો દર્શાવે છે. જ્યારે સૌથી વધુ સભ્ય સંખ્યા 2018 -19માં**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

108.02 % હતી જે વર્ષ-2009 -10 ની સંખ્યા ની સરખામણીએ 8.02 % નો વધારો દર્શાવે છે.

કોષ્ટક નં –3

NUMBER OF SOCIETIES

(IN NUMBERS)

| COOPERATIVE YEAR | NUMBER OF SOCIETIES | PERCENTAGE (%) | CHANGE IN (-) (+) |
|---|---|---|---|
| 2009-10 | 89523 | 100 % | - |
| 2010-11 | 90279 | 100.84 | 0.84 + |
| 2011-12 | 101297 | 113.15 | 13.15 + |
| 2012-13 | 90958 | 101.60 | 1.60 + |
| 2013-14 | 93042 | 103.93 | 3.93 + |
| 2014-15 | 92789 | 103.65 | 3.65 + |
| 2015-16 | 93367 | 104.29 | 4.29 + |
| 2016-17 | 95595 | 106.78 | 6.78 + |
| 2017-18 | 95238 | 106.38 | 6.38 + |
| 2018-19 | 95995 | 107.23 | 7.23 + |

Source:-National federation of state co-operative banks

કોષ્ટક નં 3 માં કુલ પ્રાથમિક સહકારી મંડળીઓનો આંકડાકીય અભ્યાસ કરવામાં આવ્યો છે . અભ્યાસ માટે 2009 - 10 થી 2018- 19 વર્ષો દરમિયાનના આંકડાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આંકડાઓ પરથી જોઇ શકાય છે કે વર્ષ 2009-10 થી 2018 19 ના સમયગાળામાં સહકારી મંડળીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળેલ છે . આ વર્ષો દરમ્યાન 2010- 11 માં સૌથી ઓછી સંખ્યા 2009-10ના સમયગાળામાં જોવા મળેલ, જ્યારે સૌથી વધુ સંખ્યા 2011- 12 ના વર્ષોમાં 113. 15% થવા પામ્યું છે 13.15 % નો વધારો દર્શાવે છે.

## તારણો:

- ★ વર્તમાન સમયને ધ્યાનમાં રાખતા જોઈએ તો ખેડૂતો માટે પ્રાથમિક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવેલી આમ છતાં ખેડૂતો અમુક અંશે બેંકોની આંટીઘૂટી માંથી પસાર થવું ન પડે તેથી તે લોકો શાહુકારો પાસેથી ધિરાણ લેવું વધારે હિતાવહ સમજે છે
- ★ બેંકો પોતાના કાગળની મથામણ ઓછી કરી નાખે તો અભણ ખેડૂત અથવા જે ઓછું ભણેલો ખેડૂત હોય છે તે પણ પ્રથમ પસંદગી સહકારી બેંક અથવા ધીરાણ મંડળીની રાખશે.
- ★ બેંકો દ્વારા સહકારી મંડળી ઓને લગતા માહિતગાર કાર્યક્રમો નું આયોજન થવું જોઈએ જેથી ખેડૂતો ને શાહુકારો કરતા મંડળીઓ પર વિશ્વાસ આવે.

★ મુદત વીતી બાકી ના પ્રમાણ ને ઓછું કરવાના પ્રયાસો કરવા બેંકો થોડી નિષ્ફળ ગઈ છે

★ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો જેટલી સફળ જોવા મળી છે એટલી પ્રાથમિક સહકારી મંડળી ઓ સફળ થઈ નથી.

## સમાપન :

ભારતમાં ઇ.સ. 1904 થી વર્તમાન સમયને ધ્યાન કરવામાં આવે તો જોઈ શકાય છે કે ભારતના ખૂણે ખૂણામાં સહકારી પ્રવૃત્તિને વેગ પકડ્યો છે જ્યારે બીજી બધી આર્થિક પદ્ધતિઓની મર્યાદાઓ સામે આવે ત્યારે એક જ એવી પદ્ધતિનો સહારો મેળવવો બધાને યોગ્ય લાગે છે સહકારી પ્રવૃત્તિ આદર્શ વ્યવસ્થા છે જેમાં અન્ય આર્થિક સમસ્યાઓના સારા પાસા નો સુમેળભર્યો સહયોગ જોવા મળે છે તેથી જ સહકારી પ્રવૃત્તિ એ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના મોટાભાગના દેશોમાં પ્રગતિના પંથે પુરવેગે વધી રહી છે.

## સંદર્ભ :

### પુસ્તક

સહકાર દર્શન, જગદીશચંદ્ર એમ. મુલાની, 1993

### સાહીત્ય સર્વેક્ષણ:

1. કૃષિ અર્થશાસ્ત્ર, ડૉ. મહેશ વી. જોષી, ક્રિએટિવ પ્રકાશન ( પુસ્તક)

2. કાંજીયા પ્રફુલ ( 2006), "જૂનાગઢ જિલ્લાના વિશેષ સંદર્ભ સાથે સહકારી બેન્કિંગ સિસ્ટમ", સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

3. પેથાની તરુણકુમાર જી. (2008), " સૌરાષ્ટ્ર વિસ્તારની જિલ્લા સહકારી બેન્કોની કામગીરી નો વિશ્લેષણાત્મક અભ્યાસ ", વાણિજ્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ,

### વેબસાઇટ

HTTPS://rbi.org.in

www.nafscob.org